॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૦, માર્ચ–૨૦૨૫, રૂા. ૫.૦૦/–











**ભુજ મંદિરના તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર, એડિલેડ ઓસ્ટ્રેલિયામાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ્વામીની ઉપસ્થિતિમાં નૂતન મંદિર મહોત્સવ ધામધૂમથી ઉજવાઇ ગયો.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૧ માર્ચ-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૦

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૯ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૫ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૬ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

## ''ધર્મો રક્ષતિ રક્ષિતઃ''

અગણિત સમય પહેલા પરમાત્માએ કહેલ વેદોમાંથી ગુંજારવ કરતો આ પરમાત્મા અને આત્મા વચ્ચેની દિવ્ય આત્મિયતા સિદ્ધ કરે છે. ''ધર્મો રક્ષતિ રક્ષિતઃ''

કરોડો વર્ષો પહેલા વલ્કલ વસ્ત્રોથી જીવન ગુજારતો આદિ માનવ, મનુ અને સતરૂપાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સુસંસ્કૃત થવા તરફ દોટ મૂકતો થયો. વળી કણ્વ ઋષિના આશ્રમમાં રહેતી શંકુતલા સાથે લગ્ન કરી રાજધાનીમાં પાછા ગયા ને શંકુતલાએ જે પુત્રરત્નને જન્મ આપેલ તેનું નામ 'ભરત' પડ્યું અને તેના પરથી જ આપણા દેશનું નામ 'ભારત' પડ્યાનો તજજ્ઞોનો અભિપ્રાય છે. તે જમાનામાં જ સંતોનો આપણા પૂર્વ જન્મોના વડીલો જ થયા ને.

દરમિયાન નદીના જળપ્રવાહની જેમ વહ્યા કરતા સમયમાં પૃથ્વી પટ ઉપર અનેક રાજ્યો ને શક્તિશાળી દેશો ઉદય પામ્યા ને કાળની ગર્તામાં વિલિન પણ થયા. આવા વિલિન થયેલા દેશો તેમની શસ્ત્રશક્તિથી 'રાજધર્મ' સનાતન ધર્મના પાયા પર પ્રહાર કરતા ગયા ને વ્યાપક સનાતન ધર્મ અને સંસ્કૃતિ પણ સંકોચાઇ ગઇ.


હજુ આજની તારીખમાં પણ અજ્ઞાનતાના અંધકારમાં ભટકતા આંતકીઓ આપણી વૈદિક સંસ્કૃતિને પૂર્ણ પણે નમોનિશાન વિહીન કરવા પ્રયત્નશીલ જ છે, તેથી શ્રીસહજાનંદજી મહારાજે ફરી પાછા આપણને સૌને જાગ્રત કરી બેઠેથી ઊભા, ને ઊભેથી દોડતા કર્યા છે. જેથી સમગ્ર દુનિયામાં 'શ્રીસ્વામિનરાયણ ધર્મ' ના મંદિરો સૌને જાગ્રત કરવા ધમધમી રહ્યા છે.

એક જ પરિવારના ભાઈઓ વચ્ચે કુરુક્ષેત્રમાં યુદ્ધ ન થાય તે માટે શ્રીકૃષ્ણ ભગવાને પણ અથાક પ્રયત્નો કર્યા છતાં યુદ્ધ તો થયું જ ને લાખો માનવ યોદ્ધાઓ વિરગતિને પામ્યા. પણ એ યુદ્ધના પ્રથમ દિવસે જ ધનુર્ધારી અર્જુનને જ્યારે તે યુદ્ધથી વિચલિત થતો હતો ત્યારે તેને ઉઠ, ઉભો થા ને ધર્મો રક્ષતિ રક્ષતિઃ માટે યુદ્ધ કર. એજ કર્મ માટે તારો આ જન્મ છે. આ જ્ઞાન મળતાં અર્જુન ધર્મની રક્ષા માટે લડ્યો ને ધર્મે જ તેની રક્ષા પણ કરી ને પાંચ હજાર વર્ષો જુની વાત છે.

રાજસ્થાનના ચિત્તોડગઢના દરવાજામાં પ્રવેશો તો સામે જ વિશાળ તળાવ છે, જમણી બાજુએ મોટું મંદિર છે અને ડાબી બાજુએ એક મોટી ઊંચી દિવાલ છે. આ દિવાલને ચણવા વિદેશી ધાળાંઓએ જે હજારો વર્ષોથી મંદિરો, મૂર્તિઓની તોડફોડ કરી છે. તેના અસ્થિઓનું ચણતર છે, અને દિવાલની વચ્ચે મોટા અક્ષરે હિન્દીમાં લખ્યું છે, આવનારી આપણા દેશની પેઢીઓને નરી આંખે જોવા મળે કે વિદેશીઓએ સનાતન ધર્મને ધ્વસ્ત કર્યો, મૂર્તિ-મંદિરોનો નાશ કર્યો ને એકબીજાની માત્ર હરિફાઇ માટે ત્યારના રાજા રાજ કરતા હતા તેને પણ ઉજાગર કર્યા. આ પ્રભુપ્રેમી ધર્મો રક્ષતિ રક્ષિતઃ નું હાથે કામ કરી ગયા જે સદીઓ સુધી જીવંત અને પ્રેરણાદાયી રહેશે.

# શિક્ષાપત્રી શ્લોક - ૮૯

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' ભુજ



**ભાવ્યં શમદમક્ષાન્તિસન્તોષાદિગુણાન્વિતૈ : ।**
**બ્રાહ્મણૈ; શૌર્યધૈર્યાદિગુણોપેતૈશ્ચ બાહુજૈ : ॥**

મારા આશ્રિત બ્રાહ્મણો હોય તેમણે, સમ, દમ, ક્ષમા, સંતોષ આદિક ગુણોથી યુક્ત થવું. અને અમારા આશ્રિત ક્ષત્રિયો હોય તેમણે શૂરવીરપણું અને ધીરજપણું આદિક ગુણોથી યુક્ત થવું.

**"સંપ્રદાયને ચારેય ભિન્ન વર્ણોમાં, ન લાગે ભેદ, માનવની ક્યાં જાતિ પાતિ? બ્રાહ્મણ શાસ્ત્રં, સંતોષધારી, ક્ષત્રિય છે, શૌર્ય, ધૈર્યવાન, વૈષ્ય વ્યાપારે કુશળ, ને શુદ્ર સેવાય ઉત્તમોત્તમ રાજી."**

શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, બ્રાહ્મણઓએ શમ, દયાદિ ગુણોથી યુક્ત રહેવું. બ્રાહ્મણ ભિક્ષાંદેહી નથી, તેમાં ક્ષમા એટલે મનનો નિગ્રહ. મનનો નિગ્રહ કરવો એ જ સુખના હેતુરૂપ છે. જેમણે મનને નિગ્રહ નથી કરેલો, અર્થાત્ જેમણે પોતાનું મન નિયમમાં નથી કર્યું એ પુરુષોને કોઈ જગ્યાએ સુખ પ્રાપ્ત થતું નથી, જ્યાં જાય ત્યાં મન દુઃખના કારણરૂપ બને છે. આ બાબતે એક સ્મૃતિ વાક્ય પ્રમાણરૂપ છે. અશાંતસ્ય કુતઃ સુખમ્ -એટલે જેમનું મન અશાંત છે, અર્થાત્ જેમનું મન ચંચળ છે, એવા પુરુષોને શાંતિ ક્યાંથી હોય. માટે મનનો નિગ્રહ જરૂરી છે.

માનવની પંચેન્દ્રિયોથી જ મનમાં સંસાર ને કુસંસાર પ્રવેશે છે. માટે પાંચે ઈન્દ્રિયોને વશમાં રાખો આ છે દમ.

ક્ષમા રાખનાર પુરુષ ઉપર ભગવાન તત્કાળ પ્રસન્ન થઈ જાય છે.ઋષિ જમદગ્નિએ તેમના પુત્ર પરશુરામને કહ્યું હતું કે આપણે બ્રાહ્મણો ક્ષમા વળે જ પૂજ્યભાવને પામ્યા છીએ.

ભાગવતમાં પ્રમાણ આપ્યું છે કે, ધન અને વિષયભોગની અંદર જ અસંતોષ રહેલ છે, એ જ જન્મ અને મરણરૂપી સંસ્કૃતિનું મૂળ છે.

ક્ષત્રિયઓએ સ્વાભાવિક ગુણ પ્રધાનતારૂપે પ્રભાવ, શારીરિક બળ, ઈન્દ્રિયોનું બળ, ધીરજતા, શૂરવીરતા, તિતિક્ષા, ઉદારતા, પરિશ્રમ, બ્રાહ્મણોને દેવરૂપ માનવા ને પ્રજા પર નિયમન શક્તિ રાખવી એ ગુણોથી જ ક્ષત્રિયત્ત્વ આવે છે.

આધુનિક વિચાર સરણી પ્રમાણે પણ કોઈ ક્ષત્રિય વૈષ્યના ઘેર ઘરકામ કરશે ? વૈશ્ય શું તલવારબાજી કરી ક્ષત્રિયતા દર્શાવશે ? શુદ્ર શું રાજ્ય ચલાવી શકશે ? આ સામાન્ય વ્યવહાર છે. પરંતુ વિકટ અને દેશની જરૂરિયાત પ્રમાણેના સંયોગોમાં નિયમો પણ ઉથલપુથલ થાય ખરા.

**"વર્ણે આપણે જ્યાં છીએ એજ શોભે, બિનજરૂરી ઉથલપુથલ ટકરાવ સર્જે; આપાત્કાલ સ્થિતિ અતિ ભિન્ન છે, સનાતન ધર્મ માટે ફિદાયીનતા શોભે"**

# SHARANAGATI -SURRENDER TO GOD

-Swami Harivadan Dasji -Bhuj

Asaro,Prapatti, Bhagwannishtha and self-surrender all these words have similar meanings. The true secret of surrender is to give up the wisdom of remediation from all other Mediums, Means or Endeavor and accept God as the last goal.

Devotees are dearer to God than resourceless men. Because, self-reliance and ego continue to live in other Mediums, Means or Endeavor, while in surrender one has to accept only the God as one's unique support. In it, God's grace and non-selfishness or egolessness comes automatically, and devotee is very dear to the Lord. That is why Vachanamrut Shree Hari said, “one spiritual endeavor by which god can be pleased, Accepting the firm refuge of Bhagvan is the single greatest Endeavor amongst all spiritual endeavors for pleasing god. However, that refuge must be extremely firm and without any flaws.” (Vach.G.P.P.- 33). By the glory of this Rajipa, Shree Hari burns all the sins and faults of the surrendered person’s life and makes him attain his true self. Many devotee losses courage by seeing the faults in themselves, saying, “Will I get salvation or not?” Doubting and believing this, they become disappointed and fall back from devotion to God.

"Salvation of life is not by means, but by surrendering to Shree Hari." God expects only their firm trust to save lives. Other means or endeavor are to be done for his pleasure. Therefore, the soul who has a lot of trust in God, will be saved by God.” Shreeji Maharaj has also said this in (Vach.G.M.P.-66). Salvation is possible only through surrendering to God, whereas other spiritual activities are the purpose of pleasing God. Because karma itself is perishable and inanimate, it cannot give any fruit to anyone independently. Therefore, even after doing lakhs of means or endeavours, the purification and salvation of the soul is only through the grace of the pleased God, not through the means or spiritual activities alone.

Regarding this, Sadguru Nishkulanand swami had said in Haribal Geeta that -

**તેમ સાધન સર્વે કહિયે, તુંબા મશકને તુલ્ય ।**
**તેને ભરોસે ન ભવ તરે, જાય જનમ અમૂલ્ય ॥**
**અચળ આશ્રય ઉરમાં, પ્રભુ પ્રગટનો પ્રમાણ ।**
**એવા જન જે જગમાં, તે પામે પરમ કલ્યાણ ॥**

A person who leaves his ego and resourcefulness and surrenders to Shree Hari and lives as God wills, his sins, faults and lusts are destroyed by God Himself. Arjun killed countless beings in the Mahabharata war by the will of God, yet felt no sin. When Bharatji leaved his feelings and saved the baby deer from death for the sake of mercy and gave immense love, and he was born as insignificant as a deer in his next birth. So there is no better way to escape from sins and attain to God than surrender. It is also said in Gita 18.66 that-

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज। अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

In the scriptures, the complete form of surrender is shown in six parts as follows:

आनुकूल्यस्य संकल्पः, प्रातिकूल्यस्य वर्जनम्।
रक्षिष्यतीति विश्वासो, गोमृत्ववरणं तथा।
आत्मनिक्षेपकार्पण्ये, षड्विधा शरणागतिः ॥

१)अनुकूलस्य संकल्पः - To keep a firm resolution to live according to Shri Hari's will, as he pleases.

મેલી ગમતું નિજ મનનું, કરે ગમતું તે ગોવિંદ તણું। જેમ વાળે તેમ વળે વળી, મૂકી મમત આપણું ॥

२) प्रतिकूल्यस्य वर्जनम् - Leave everything that is not pleasing to the Lord. Whatever he has refused to do, surrendered person must not do it in any way.

३)रक्षिष्यतीति विश्वासो - Till today I have committed many offenses against God, still there are endless faults in me. However, If I will surrender Shri Hari. He will protect me in every way. Have such great faith.

४)गोमृत्ववरणम् – Appointing Shree Hari as the protector. We humans are so weak that we can't destroy our sins by ourselves. So praying, "oh, Shree Hari! Please protect me in all ways so that I remain as you like."

५) आत्मनिक्षेप - Surrender everything including the soul. Believing that Shri Hari is the owner of everything, be devoid of egoism and act in His constant service.

६)कार्पण्यम् - Assuming all kinds of humility about oneself. Give up your pride too. It is the most important. And to pray to God, "O Maharaj! I am your servant who is totally dependent and surrendered to you. I have no power or means. Have mercy on me and sustain me, and shower me with grace that I may be yours forever."

दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः।

All souls are servants of God from eternity. It is also said in the scriptures.

## ગુરુવાણી

- મહાદેવ ધોરિયાણી

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતી ગુરુવાણી ખરેખર વૈરાગ્ય વર્ધક અને પુરુષાર્થ પ્રેરક છે.

આ મનુષ્યદેહ ખરેખર દુર્લભ અને અમૂલ્ય છે. તેનો એક સમય પણ કૌસ્તુભમણી કરતાં પણ મહામૂલ્યવાન છે. જિંદગી ચાલી જાય છે, દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નિશ્ચિત છે. દેહમાં સુખ નથી, અનુકૂળ સંજોગોમાં પણ સુખ નથી. કાળ ઝાપટું મારતો ચાલ્યો આવે છે અને ઘણાં કામ કરવાના બાકી છે, એમ લાગવું જોઈએ. કયે ક્ષણે દેહ છૂટશે ? એનો ભરોસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવંત છે, ચામડાથી વીંટેલો હાડકાંનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. આ બધું છોડીને જવું પડશે, માટે દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને તે સ્થિતિ આવી પડે તે પહેલાંજ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી કયાં જઈશ તેની તને ખબર છે ? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે ?

આ મનુષ્ય અવતાર પોતાનું હિત કરવા મળ્યો છે. શરીરમાં રોગ આવે, રોગના કાળે રોગ થયા વિના રહેશેજ નહિં. ઈન્દ્રિયો હીણી પડી જાય, માંડ માંડ અક્ષરો દેખાય, બહુ ધ્યાન રાખે તો કાને માંડ સંભળાય, માટે આ પહેલાં તું ચેતી જા, અને આત્યંતિક કલ્યાણ માટે લાગી જા. સ્વભાવ ઉપર

નજર રાખવી કે નજર નાખવી એજ સુખ, સંતોષ અને શાંતિનો ઉપાય છે. જ્યાં સુધી ઘડપણ ઘેરી ન વળે, રોગરૂપી અગ્નિ કાયારૂપી ઝૂપડીને બાળે નહિ, ઈન્દ્રિયો નબળી પડે નહિ તે પહેલાં તું તારું હિત કરી લે. 'યેન કેન પ્રકારેણ' તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે. આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. દેહ છૂટ્યા પહેલાં આ પ્રયત્ન કરી લે, દયા-દાન-વ્રત-ભક્તિ વગેરે કરી લે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય, માટે  મરતાં પહેલાં મોક્ષનું ભાથું બાંધી લે, આ અમૂલ્ય અવસર ખોવા જેવો નથી, કારણ કે આયુષ્ય ક્યારે પૂરું થઈ જશે તેની કોને ખબર છે?

દુર્લભ મનુષ્યદેહ અને સંત સમાગમ મળ્યો છે તો તારા આત્માને ચાર ગતિના દુઃખથી છોડાવી લે. સ્વર્ગના અસંખ્ય અવતાર થાય ત્યારે મનુષ્યનો એક અવતાર થાય; આવો મોંઘો મનુષ્ય અવતાર છે. મનુષ્યે નરક અને સ્વર્ગના અવતાર પણ અનંતવાર કર્યા છે, ત્યારે એક અવતાર મનુષ્યનો મળ્યો છે. આવી મનુષ્ય અવતારની દુર્લભતા છે, એજ રીતે સંત સમાગમ અને સંતોપદેશ સાંભળવા મળવો પણ બહુ દુર્લભ છે, માટે ચેતીને સાવધાન થા.

મુમુક્ષુઓને આજીવિકા પૂરતું મળતું હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી; આ તો 'રોટલા' મળતા હોય તોય માથે 'પોટલા' બાંધે! અરેરે! જવું છે ક્યાં ? જીવન થોડું ને આ શું કરો છો ભાઈ! આવો મોંઘો માનવદેહ મળ્યો છે વળી સંત સમાગમની અને સુવિધા છે, તો આધ્યાત્મિક વાંચન-શ્રવણ-મનન અને નિદિધ્યાસમાં મન પરોવીને માનવ ભવ સફળ કર. જો ભવ વ્યર્થ ગુમાવ્યો તો ફરી આવો ઉત્તમ યોગ ક્યારે મળશે ? અરેરે ! જેના ઉપર જીવને અત્યંત પ્રેમ છે એવું આ શરીર ખરેખર કેવળ વેદનાની મૂર્તિ છે. આ શરીર તો જડ છે, વેદનાની મૂર્તિ છે. એક તસુમાં ૯૬ રોગ તો આખા શરીરમાં કેટલા?

જીવન ચાલ્યું જાય છે, મોતનાં નગારાં માથે વાગે છે. એક સમયે એવો આવશે કે તારું આ રૂપાળું શરીર ધૂળ-રાખ થઈ જશે.

**"જિમ તેતર ઉપર બાજ, મચ્છ પર બગલો રે;**
**તારી કંચનવરણી કાય, ઢળી થશે ઢગલો રે."**

પહેલાં ચેતવણી આપીને મોત નહિ આવે કે, 'હું આવું છું, તૈયારી કર' મોત અને મહેમાન કોઈના રોક્યા રોકાતા નથી. આ બૈરા-છોકરાં વગેરે વખાણ કરી કરીને ખાય છે એટલે મૂઢને ખબર પડતી નથી.

શાસ્ત્રમાં કહ્યું છે કે, વદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઈન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરીલેજે, જો સુખના હિલોળે હિંચકવા માંગતો હો તો આત્મજ્ઞાન કરીને, સંત સમાગમ કરીને હરિપદને પ્રાપ્ત કર.

દેહ તો 'રોગ'ની મૂર્તિ છે, સહજ-આનંદના સંદેશક શ્રીસહજાનંદ સ્વામી તો આનંદની મૂર્તિ છે. આ તો કમાવાનો કાળ છે,આત્માના આનંદને કમાવાનો કાળ છે માટે એને ચૂકીશ નહિં.

ઈષ્ટોપદેશમાં કહ્યું છે કે, કોઈ માણસ શરીરે કાદવ ચોપડીને પછી કૂવો ખોદીને પાણીથી સ્નાન કરશું એમ કહે, એમ પહેલાં પૈસા રળી લઈએ ને પછી દાન કરશું ! દાન કરવા માનટે પહેલાં પાપ કરે છે ને પુણ્યની પછી વાત કરે છે ! ધર્મ જ સર્વ સુખોનું આશ્રયસ્થાન છે, નહિ કે અર્થ અને કામ. ધર્મ એ કામધેનું છે, અર્થ અને કામ વાછરડાની જેમ પાછળ પાછળ આવે છે.

મહાભારતમાં વ્યાસજીએ 'વ્યસન'ની વાત વિશિષ્ટ રીતે કરી છે. જુગાર, મૃગયા, મદ્યપાન, કઠોરવાણી, કઠોર શિક્ષા, ધનનો દુરુપયોગ અને સ્ત્રી આ સાત દોષો' વ્યસનમાંથી આવે છે. ટૂંકમાં સંતોની વાણી અનુભવ સિદ્ધ અને

સમજવાળી તેમજ સરળ હોય છે. ઉપર જે 'અર્થ'ની વાત કરી છે તે સમજ્યા જેવી છે. અહીં 'અર્થ' ધન માટે પ્રયોજેલો શબ્દ છે. તેના દ્વારા સંસાર વ્યવહારના અર્થો સરે છે, તેથી તેનું નામ 'અર્થ' ધનથી સુખ નથી મળતું, જો ધનથી સુખ મળતું હોત તો ધનવાનો ખરેખર સુખી હોત, અર્થ મૂળ અનર્થનું છે. ધનવાનો માટે અનર્થ બને છે, માટે અર્થને જ અનર્થનું મૂળ સમજીને તેનો મોહ તજવો અને શ્રીહરિ રસામૃતનું પાન કરવામાં અને ભગવાન ભજવામાં જ મગ્ન રહેવું. સત્કાર્યોની ખેતીનું વાવેતર મિષ્ટ ફળ આપે છે, માટે સત્સંગની ખેતી કરો તો જરૂર મધુર ફળ પ્રાપ્ત થશે.

## પ્રાર્થનાની તાકાત (સત્ય ઘટના)

- ઘનશ્યામ હી બૂચ

શ્રદ્ધા, વિશ્વાસ, આસ્થા શું નથી કરી શકતી? પરંતુ પ્રાર્થનાની તાકાત તેનાથી વિશેષ છે. જે મેં જીવનમાં અનેક વખત અનુભવ્યું છે. જેનો એકમાત્ર કિસ્સો આ છે. મારી પુત્રીને બંને પગમાં ચાલવાની તકલીફ હતી. તેથી તે બેન્ગલોરમાં ઓપરેશન માટે ગયેલ. ત્યાંથી સફળ ઓપરેશન કરાવીને રાજકોટ પરત આવેલ ત્યારે તેને જોવા માટે મારાં શ્રીમતિજી રાજકોટ ગયા, મારા દીકરા ભેગાં ગયેલ અને ત્યાં રોકાયેલ, સેવા કરેલ. પંદર દિવસ પછી સવારે અચનાક બાથરૂમ જવા માટે ઉઠેલ ત્યારે બાથરૂમથી બહાર નીકળતા તેને સખ્ત ચક્કર આવતાં પડી ગયેલ તેણે મદદ માટે બૂમ મારી છતાં હિંમત કરીને ઉઠવા જતાં પછડાટ ખાઈને પાછાં પડી ગયાં અને તરતજ મારી દીકરી-જમાઈ દોડીને આવ્યાં ત્યાં સુધીમાં તેને અઢળક લોહીની ઉલટી બે વખત થઈ. તેથી તેને તાત્કાલિક વોકાર્ડ હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં તરતજ ટ્રીટમેન્ટ શરૂ કરી લેબ્રોરેટરીમાં રીપોર્ટ લોહી ટેસ્ટ કરાવતાં હિમોગ્લોબીન માત્ર ૭ ટકા થઈ જતાં આ મુશ્કેલી થઈ હતી. એવું નિદાન થયું અને ડોકટરે જરા ગંભીર થઈને કહ્યું કે આપણે ટ્રીટમેન્ટ કરીશું પરંતુ જરા ક્રીટીકલ કેશ છે. એટલે તરત મારી દીકરીએ મને ફોન કર્યો. અમે બધાં નરવશ થઈ ગયાં હવે શું કરવું. અમે રાજકોટ જવા તૈયાર થયા પરંતુ મને ભગવાન શ્રીસ્વામિનારાયણ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા. આપણી સર્વેની ચિંતા કરવાવાળા તો આપણા ઈષ્ટદેવ જ છે. મેં મારા મંદિર આગળ ગળગળા થઈને મુક પ્રાર્થના કરીને સમર્પણભાવથી આજીજી કરીને કહ્યું કે શ્રીહરિ હવે તારા હાથમાં છે. તું તેને ભુજ પાછા હેમખેમ મોકલજે હું તારાં શરણે છું. બપોરે જ ચાર વાગ્યે દીકરીનો ફોન આવ્યો તાત્કાલિક બધી વ્યવસ્થા થઈ ગઈ અને ઘરે પણ આવી ગયાં. દોઢ થી બે મહિના પછી મારી દીકરી પોતાની ગાડીથી મુકવા આવી અને અમને કહ્યું કે લ્યો તમારી વ્યક્તિ તમને સારી કરીને સોંપું છું. હવે તમે સાચવો. અને લખી દીધેલ ટ્રીટમેન્ટ ચાલુ રાખજો. ૧૫ ઈન્જેકશનો હિમોગ્લોબીનનાં દર એકાંતરે આપવાનાં હતા. તે શરૂ કર્યા. અશક્તિ ઘણીજ હતી પરંતુ "જાન પાયા તો લાખો પાયા" એ ઉક્તિ અનુસાર ડેલે હાથ દઈને અને પ્રાર્થનાનાં જોરે તે નવા અવતારે આવ્યાં. અને હવે સંપૂર્ણ તંદુરસ્ત છે. બેબીએ વાત કરી તે હિસાબે ૧૦૦ ટકા પૂરેપૂરું જોખમ હતું અમે પણ ૩૦૦ કિલોમીટર દૂર ભારે શ્રીહરિની દયા અને પ્રાર્થના જ વ્યક્તિ માટે અતિ ઉત્તમ ઔષધ છે. માણસ તો તણખલું છે. જે હવામાં ઉડી જાય ક્યારે તે કાંઈ ન કહેવાય છતાં નિરાશામાં આશા. એજ બહૂ મુલ્ય છે. તેનો પ્રત્યક્ષ દાખલો છે. આવા તો પાંચ થી છ વખત શ્રીહરિએ પરીક્ષા કરી છે. અને પ્રાર્થનાનાં બળે પાર ઉતરી ગયો છું. એજ સાચી મૂડી છે. પૈસા તો આજે છે કાલે ફૂટપાટ ઉપર નહીં આવી જઈએ તેની શું ખબર એટલે જ મંગળ મંદિર ખોલો દયામય મંગળ મંદિર ખોલો.

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ મંદિરે શિક્ષાપત્રીની ૧૯૯ મી જયંતીએ મહાપૂજન

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષાપત્રી ગ્રંથનું ખૂબ જ મહત્ત્વ છે. કહેવાય છે કે શિક્ષાપત્રીને અનુસરીને જે કોઈ મનુષ્ય જીવનમાં આગળ વધે છે એ જીવાત્માને ક્યારે પણ દુઃખ કે દરિદ્રતાનો સામનો કરવો નથી પડતો.



કચ્છ અને ચોવિસીના ગામડાઓમાં આજે વહેલી સવારથી ભક્તો, સંતો, સાં.યો. બહેનો અને હરિભક્તો એ સમૂહમાં શિક્ષાપત્રીનું પૂજન કરેલ હતું.



મહાસુદ-૫, વસંત ઋતુની શરૂઆત સાથે આંબામાં બૂર બેસે અને ઘઉંના પોંક પાકે એ શ્રીઠાકોરજીને ધરવામાં આવે અને બૂર, ફૂલ તથા આંબાના પત્રોથી ત્રાંબાના કળશમાં શણગાર કરવામાં આવે અને સંતો અને સાં.યો.બહેનો પૂજન કરે અને એ શ્રીઠાકોરજી આગળ મૂકવામાં આવે અને ખેડૂતો માટે ઘઉંનો પાક અને આંબાના ફળ સારાં થાય અને ખેડૂત રાજી થાય એવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવેલ હતી.

આજના દિવસે સંવત-૧૮૮૨ મહા સુદ પાંચમના રોજ વડતાલ ગામમાં રહીને સ્વયં શ્રીસહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી લખી હતી જેને આજે ૧૯૯ વરસ થઈ રહ્યા હોઈ દર વર્ષની જેમ આજે સમગ્ર કચ્છના દેશ-વિદેશના મંદિરોમાં તેમજ સંપ્રદાયના દરેક મંદિરોમાં ધામધૂમથી હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભુજના મુખ્ય મંદિરે મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી તથા કોઠારી સ્વામી



શાંતિસ્વરૂપદાસજી આદિ સંતો અને હરિભક્તોએ સભામંડપમાં એક એક સંસ્કૃતના શ્લોકના ઉચ્ચારણ સાથે તુલસીપત્ર અને પુષ્પ તથા ચોખાથી પૂજન કરવામાં આવ્યું હતું. સંકલ્પથી લઈ થાળ, ફળ,પ્રદક્ષિણા આદિ ષોડ્શોપચારથી પૂજનમાં ભુજ શહેરના હરિભક્તો બહેનો-પુરુષો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ભુજ પ્રસાદી મંદિરે શિક્ષાપત્રી પૂજન

પ્રસાદી મંદિરે પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ



સ્વામી હરિબળદાસજી, કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, કોઠારી સ્વામી અક્ષરપ્રિયદાસજી, કોઠારી સ્વામી રામાનુજદાસજી આદિ સંતો તેમજ વિદ્યાર્થી સંતોની ઉપસ્થિતિમાં એક એક સંસ્કૃતના શ્લોકના ઉચ્ચારણ સાથે તુલસીપત્ર અને પુષ્પ તથા ચોખાથી પૂજન કરવામાં આવ્યું હતું. સંકલ્પથી લઈ થાળ, ફળ,પ્રદક્ષિણા આદિ ષોડ્શોપચારથી પૂજનમાં ભુજ શહેરના હરિભક્તો બહેનો-પુરુષો મોટી સંખ્યામાં જોડાયા હતા. પૂજન આરતી બાદ દરેકને ધાણીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

સાંજે પ્રસાદી મંદિરે મહાઆરતીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. પૂજ્ય સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને શિક્ષાપત્રીની આજ્ઞા પાળવા ઉપર ભાર મૂક્યો હતો.

અ - કોઠારી સ્વામી રામાનજુદાસજી

## અંજાર મંદિરે વસંતપંચમીએ શ્રીશિક્ષાપત્રીની ૧૯૯મી જયંતીની ઉજવણી



અંજાર મધ્યે સંવત્ ૨૦૮૧ મહા સુદ-૫, તા. ૨-૨ નારોજ શિક્ષાપત્રી જયંતીએ સવારે શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીની ૧૯૯મી જયંતીના પાવન અવસરે વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. આંબારોપણમાં બહેનોના મંદિરેથી વાજતે ગાજતે આંબા લાવી ઠાકોરજી આગળ સ્થાપનનું દિવ્ય આયોજન રાખેલ. માનવ સમાજને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે દિવાદાંડી સમી શ્રીશિક્ષાપત્રીના પૂજનમાં સર્વે હરિભક્તો જોડાઈ ધન્ય બન્યા હતા. સૌ સંતો, સાં.યો.બહેનો, વડીલો, યુવાનો, બહેનો સહભાગી થયા હતા.

શ્રીશિક્ષાપત્રી જયંતીના પાવન અવસરે



કૃષ્ણવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી સંતદાસજી વિગેરે સંતોતથા મંડળના અન્ય યુવાન સંતો તથા કોઠારી સામજીભાઈ ધનજી હીરાણી, ટ્રસ્ટી મંડળના સર્વે સદસ્યો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સાં.યો.



મંદિરના વડીલ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ પોતાના ઉદ્‌બોધનમાં કયું હતું કે “શિક્ષાપત્રી તે આપણી માતા છે અને માતાની આજ્ઞા આપણે જરૂર પાડવી જોઈએ તેમાંજ આપણું ભલું છે.” આ આયોજનમાં મોટી સંખ્યામાં સર્વેસત્સંગીજનો પધાર્યા હતા.

પૂજન શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજીએ દેવભાષામાં સંપન્ન કરાવેલ હતું. પૂજનબાદ સર્વે હરીભક્તોને ધાણીના પ્રસાદનું વિતરણ થયેલ.

સમુહ પૂજનકાર્યને સફળ બનાવવા કોઠારી પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી, શાસ્ત્રી સ્વામી ત્રિવેણીબાઈ આદિ સમગ્ર સાં.યો. બહેનો તથા સર્વે નાના મોટા બાઈઓ તથા ભાઈઓ સર્વે પોતાનો કિંમતી સમય આપીને આ મહોત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ.

- અહેવાલ : મેહુલભાઈ પ્રવિણભાઈ ઠક્કર (મહેતાજી), અંજાર.

## અમદાવાદ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક સેવા સંગઠન દ્વારા હિન્દુ સેવા મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

તા.૨૨ થી ૨૬ દરમિયાન અમદાવાદ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક સેવા સંગઠન દ્વારા હિન્દુ સેવા મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

સામાજિક ધાર્મિક મેળામાં સમગ્ર ગુજરાતમાંથી ૫૫૦થી વધારે સંસ્થાઓએ ભાગ લીધો છે. આ દરેક સંસ્થાઓ પોતપોતાની સામાજિક સેવા પ્રવૃત્તિઓ પ્રદર્શિત કરી રહી છે. એટલે ૩૦ એકરના વિશાળ પટાંગણમાં પથરાયેલું આ આયોજન બહુ જ ભવ્ય છે.





આ હિન્દુ મેળામાં કચ્છની અનેક સંસ્થાઓએ ભાગ લીધો છે. તેમાં ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા અને આશીર્વાદથી કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, ભુજ પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, કોઠારી સ્વામી અક્ષરપ્રિયદાસજી વિગેરે સંતોના રૂડા સહયોગથી ભુજ મંદિરનો સ્ટોલ રાખવામાં આવ્યો હતો. આ સ્ટોલમાં શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા સ્વામી આનંદમુનિદાસજીએ જવાબદારીની સેવા સંભાળી હતી. સાથે સ્વયંસેવકો કોડકીના કલ્પેશભાઈ ભીમજી વરસાણી તથા સુખપરના કેસરાભાઈ જાદવા વરસાણી સ્ટોલ ઉપર રોજ આખો દિવસ ઉભા રહીને લોકોને ભુજ મંદિરની સેવાકાર્ય પ્રવૃત્તિની માહિતી આપી હતી.

આ માટે સ્ટોલની દિવાલો ઉપર ભુજ મંદિરની પ્રવૃત્તિઓના બેનરો લાગેલા હતા તો ટેબલ ઉપર પુસ્તકો-પેમ્પલેટ વિગેરે સાહિત્ય પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ હિન્દુ સેવા મેળામાં આપણા ભુજ મંદિરના સ્ટોલનું આપણા સંત શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીના વરદ્‌હસ્તે દીપ પ્રાગટ્ય કરી મંગલ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તો અમદાવાદ મંદિરના મહંત પૂજ્ય પી.પી.સ્વામી તથા વડતાલ મંદિરના કોઠારી ડો.સ્વામી સંતવલ્લભદાસજી તથા બીજી અનેક સંસ્થાઓના અનેક સંતો અને મહાનુભાવો તેમજ અગ્રણીઓ વ્યક્તિઓએ આપણા સ્ટોલની મુલાકાત લીધી હતી. તે સૌને ભુજ મંદિરની પ્રવૃત્તિના પેમ્પલેટ આપીને મંદિરનો વિસ્તાર અને સેવા પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા.

મેળાના વિશાળ મેદાનમાં ઈસરો રિસર્ચ સેન્ટરે પણ વિશાળ પ્રમાણમાં પોતાનો પ્રદર્શન ગોઠવ્યો હતો. તો સુરક્ષા જવાનોએ પોતાનું પ્રદર્શન કર્યું હતું. તો આર.પી.એફના જવાનોએ પણ રક્ષા માટેના ઉપકરણો અને આયોજનનો સરસ પ્રદર્શન કર્યો હતો. તદુપરાંત એક આદિવાસી ગ્રામ જીવન સંસ્કૃતિ રહેણી કહેણી વર્તનનું આબેહૂબ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તદુપરાંત પારંપારિક પદ્ધતિ વૈદિક પદ્ધતિથી વિશાળ યજ્ઞશાળા અને સાથે ગૌશાળા પણ જ્યાં લોકો યજ્ઞની પરિક્રમા કરી હતી, ગૌશાળાની પરિક્રમા સાથે ગાયોને રમાડીને આનંદિત થયા હતા.

કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિત શાહના શુભ હસ્તે તથા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આદિ મહાનુભાવોના હસ્તે ઉદ્‌ઘાટન થયેલ. આ મેળાના આધારભુત છ સ્થંભો તત્ત્વ જીવન મૂલ્ય દર્શન તેનું મોટી મોટી એલ.ઇ.ડી.સ્કીન દ્વારા



પ્રદર્શન કરાયું હતું.

પ્રથમ વન અને વન્યજીવનનું રક્ષણ બીજું જીવસૃષ્ટિ સંતુલન ત્રીજું પરિવાર અને માનવ જીવન મૂલ્યોનું સંરક્ષણ ચોથો પર્યાવરણની સુરક્ષા પાંચમો નારી ગરિમાની અભિવૃદ્ધિ અને છઠ્ઠો રાષ્ટ્રભાવનાની જાગૃતિ આવી રીતે આ મેળાના મુખ્ય આધાર સ્થંભો તેનું પ્રગટીકરણ પ્રદર્શિત કરાયું હતું.

આ હિન્દુ મેળામાં હિન્દુ ધર્મના ધામ શામળાજી, સોમનાથ, ડાકોર, વડતાલ, પાલિતાણા વિગેરેની આબેહૂબ પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. સારંગપુર, દ્વારકા જેવા નવ મંદિરોનો આરતીના લાઈવ દર્શન કરાવાયાં તથા પ્રયાગરાજ ખાતે કુંભમેળામાં સંગમ સ્નાનનું પણ વિશિષ્ટ પ્રકારના વિઝ્યુઅલ સાધનો દ્વારા લાઈવ દર્શન કરાવાયા હતા.

આવી રીતે આ હિન્દુ મેળો સાચા અર્થમાં હિન્દુ સંસ્થાઓ દ્વારા સમાજની સેવા થઈ રહી હતી. સામાજિક જીવન સુધારણા સાથે સરકારને સહયોગ થઈ રહ્યો છે. એનો અહિંયા પ્રદર્શન થઈ રહ્યું છે. આ પ્રદર્શનની માહિતી મેળવવા માટે દરરોજના ૪૦ થી ૫૦ હજાર લોકો આવેલ શનિવાર-રવિવારના દિવસે આ સંખ્યા અનેકઘણી વધી હતી. લોકો માટે પાર્કિંગની બહુ જ મોટા પ્રમાણમાં વ્યવસ્થા કરવામાં આવી હતી.

અ - શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભમાં કચ્છમાં કુસ્તીમાં મેદાન માર્યું

ગુજરાત સરકાર દ્વારા ચાલી રહેલ ખેલ મહાકુંભ ૩.૦ માં યોગાસનની જિલ્લા કક્ષાની સ્પર્ધા ભુજ મુકામે યોજાયેલ જેમાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરેલ છે. જેમાં

**અંડર-૧૪** વિભાગમાં વઘાશીયા જૈની ૫૬ થી ૩૯ કિ.ગ્રા.માં પ્રથમ, માલી પ્રાર્થવી-૩૦ થી ૩૩ કિ.ગ્રા.માં દ્વિતીય, ગોગારી હેત્વી ૩૩ થી ૩૬ કિ.ગ્રા.માં દ્વિતીય, ઠુંમર જેન્સી ૩૯ થી ૪૨કિ.ગ્રા.માં દ્વિતીય, વાઘમશી દિયા ૩૯ થી ૪૨ કિ.ગ્રા.માં તૃતીય.

**અંડર-૧૭** વિભાગમાં ગોરસીયા દેવાંશી ૩૬ થી ૪૦ કિ.ગ્રા.માં પ્રથમ, ધનાણી તુલસી-૧૦ થી ૪૪ કિ.ગ્રા.માં પ્રથમ, વેકરીયા દેવાંગી ૪૬ થી

૪૯ કિ.ગ્રા.માં પ્રથમ, હિરાણી ભુમિકા ૪૩ થી ૪૬ કિ.ગ્રા.માં દ્વિતીય, કાબરીયા તીથી ૪૯ થી ૫૩ કિ.ગ્રા.માં દ્વિતીય, લીંબાણી લક્ષી ૩૬ થી ૪૦ કિ.ગ્રા.માં તૃતીય, ભગત ક્રિષા ૪૩ થી ૪૩ કિ.ગ્રા.માં તૃતીય, ગુસાઇ મિરા ૪૯ થી ૫૩ કિ.ગ્રા.માં તૃતીયા.

**ઓપન** વિભાગમાં સેંઘાણી દિયા ૪૬ થી ૫૦કિ.ગ્રા.માં પ્રથમ, રૂડાણી પૂજા ૫૩ થી ૫૫ કિ.ગ્રા.માં પ્રથમ રાબડીયા જશવંતી ૫૫ થી ૫૭ કિ.ગ્રા.માં પ્રથમ, વાગડિયા હર્ષિતા-૫૦ થી ૫૩ કિ.ગ્રા.માં દ્વિતીય, કેરાઇ ધ્રુવી ૫૩ થી ૫૫ કિ.ગ્રા.માં દ્વિતીય, હાલાઇ નેન્સી ૫૭ થી ૫૯ કિ.ગ્રા.માં દ્વિતીય, હાલાઇ અનિશા ૪૬ થી ૫૦ કિ.ગ્રા.માં તૃતીય, વરસાણી ધ્રૃતિ ૫૦ થી ૫૩ કિ.ગ્રા.માં તૃતીય, ઠક્કર પરિતા ૫૧ થી ૫૯ કિ.ગ્રા.માં તૃતીય.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભમાં એથ્લેટીક્સમાં મોખરે

ગુજરાત સરકાર દ્વારા ચાલી રહેલ ખેલ મહાકુંભ ૩.૦ માં એથ્લેટીક્સની જિલ્લા કક્ષાની સ્પર્ધા માધાપર એમ.એસ.વી. મુકામે યોજાયેલ હતી. જેમાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરેલ જેમાં

**અંડર-૧૪** વિભાગમાં વેકરીયા સુમિત્રા-૮૦૦મી દોડ-પ્રથમ, હાલાઇ શ્રુતિ-લંગડીફાળ કૂદ-પ્રથમ અને ઊંચી કૂદ-પ્રથમ, ખેતાણી-જીજ્ઞા-૧૫૦૦મી દોડ દ્વિતીય, ભુડિયા હસ્મિતા લાંબી કૂદ-દ્વિતીય અને ૨૦૦મી દોડ દ્વિતીય, સેંઘાણી મૈત્રી ગોળાફેંક દ્વિતીય, સેંઘાણી દિયા-ચક્રફેંક દ્વિતીય, ભગત ક્રિષા-૧૫૦૦મી-તૃતીય, હાલાઇ ધાર્મિ-ગોળાફેંક-તૃતીય, વેકરીયા માલતી ૧૦૦મી દોડ તૃતીય.




**ઓપન** વિભામાં વેકરીયા પૂનમ ચક્રફેંક-પ્રથમ, વરસાણી મુક્તિ-૨૦૦મી-પ્રથમ અને લંગડીફાળ કુદ-દ્વિતીય, રાબડીયા જશવંતી-ગોળાફેંક-પ્રથમ, નાયાણી ધાનિ-ગોળાફેંદ દ્વિતીય, સોરઠીયા ચાહત-૪૦૦મી દોડ-તૃતીય, દબાસીયા ખ્યાતિ-૬૦૦મી દોડ-તૃતીયા અને ૨૦૦મી દોડ-તૃતીય ગોરસીયા દિયા-લાંબી કુદ તૃતીય, જાંબુઆણી હેત્વી-ચક્રફેંક-તૃતીય.

**અંડર-૧૪** વિભાગમાં ચૌહાણ જીનલ લાંબી કૂદ પ્રથમ, હાલાઇ તાન્યા ચક્રફેંક-દ્વિતીય અને ગોળાફેંક-દ્વિતીય, દબાસીયા નર્મદા ૮૦૦મી દોડ દ્વિતીય અને ૧૫૦૦મી દોડ-તૃતીય, વેકરીયા દેવાંગી-૪૦૦મી દોડ દ્વિતીય, આહિર ઉર્વશી-ઊંચી કૂદ-દ્વિતીય

# શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ૭૬માં ગણતંત્ર દિનની ઉજવણી

તા.૨૬/૧/૨૦૨૫ ના રોજ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી અને શ્રીસહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યુટના પ્રાંગણમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી.

સવારે ૮-૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત સંસ્થાનાં પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયાનાં અધ્યક્ષ સ્થાને કરાઈ હતી. શાળાની દીકરીઓ દ્વારા શાળાના ટ્રસ્ટીઓશ્રીનું પરેડ દ્વારા સ્વાગત કરાયું અને ધ્વજવંદન તેમજ રાષ્ટ્રગાન કરાયું. ત્યારબાદ સમૂહ પ્રાર્થનાનું ગાન કરાયું હતું. પધારેલ મહેમાનોનું આચાર્યાશ્રી ખુશબુબેન ચાવડાએ પુસ્તક દ્વારા સ્વાગત તેમજ અભિવાદન કરાયું હતું.

સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરાયું હતું. સંસ્થાની દીકરીઓએ દેશભક્તિ ગીત સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી વાતાવરણ દેશભક્તિમય બનાવ્યું હતું. ગણતંત્રદિનનાં મહત્ત્વ, બંધારણ અંગે સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયાએ વકતવ્ય આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શિક્ષિકાશ્રી ઊર્જાબેન તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસંગને સફળ બનાવવા આચાર્યાશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

# શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભ કચ્છમાં વોલીબોલ વિજેતા







ગુજરાત સરકાર દ્વારા ચાલી રહેલ ખેલ મહાકુંભ ૩.૦ માં વોલીબોલની જિલ્લા કક્ષાની સ્પર્ધા ભુજ યોજાયેલ હતી જેમાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ જિલ્લા કક્ષાએ અંડર-૧૪ અને અંડર-૧૭ માં વિજેતા થઈ હતી.

# શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળા પ્રદેશ (ઝોન) કક્ષા કલા મહાકુંભમાં સ્કૂલ બેન્ડમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા

ગુજરાત સરકાર દ્વારા આયોજીત રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની




કચેરી ગાંધીનગર સંચાલિત પ્રદેશ કક્ષા કલા મહાકુંભ તા.૮/૨/૨૦૨૫ અને



તા.૯/૨/૨૦૨૫નાં શ્રી ડી.જે.પટેલ કન્યા વિદ્યાલય-મહેસાણા (નાના કડી) ખાતે યોજાયેલ હતી.

જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળા સ્કૂલ બેન્ડમાં વિભાગ-અ માં દ્વિતીય અને વિભાગ-બ માં પ્રથમ ક્રમે વિજેતા થઈ છે.

ઉપરોક્ત દીકરીઓના પ્રશસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થા પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, માર્ગદર્શક શિક્ષક પૂજાબેન ગોર સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

# ઇન્ડિયા બિગેસ્ટ સ્ટેમ ક્વિઝ સ્પર્ધામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાની છાત્રાની પસંદગી

ગુજકોસ્ટ ગાંધીનાગર દ્વારા વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને ગણિતમાં અભિરૂચિ કેળવાય અને જ્ઞાન વધે તે માટે ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦ નું આયોજન કરાયું હતું. કચ્છનાં દરેક તાલુકામાંથી ટોપ-૪ વિજેતા વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાની ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ખુશી મનિષભાઇ લાખાણીની ભુજ ખાતે યોજાયેલી ઝોનલ રાઉન્ડમાં પસંદગી થઇ હતી. ત્યારબાદ તા.૧/૨/૨૦૨૫નાં નેશનલ લેવલની સાયન્સ સીટી અમદાવાદ ખાતે ગ્રાઉન્ડ ફિનાલેમાં ટોપ-૧૦૦ ટીમમાં વિજેતા થઇ હતી.

# શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ વર્ષ-૨૦૨૫

૧૪ મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ખાતે માતૃ-પિતૃ પૂજન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી કાનજીભાઇ મેપાણી, મંત્રીશ્રી પ્રવિણભાઇ પિંડોરીયા, સહમંત્રીશ્રી લક્ષ્મણભાઇ હિરાણી તેમજ અન્ય ટ્રસ્ટીશ્રીઓ, શાળાના આચાર્યશ્રી, ગૃહમાતાશ્રી, શિક્ષણગણ, વાલીશ્રીઓ તેમજ દિકરીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત સવારે ૮-૩૦ કલાકે શાળાના પ્રાંગણમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલી ત્યારબાદ પ્રાર્થનામાં પવિત્ર શબ્દોનો ગુંજારવ થયો. મુખ્ય અતિથિશ્રીઓ, ભૂદેવશ્રી તેમજ શાળાના અન્ય ટ્રસ્ટીશ્રીઓનું પુસ્તક તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરાયું.

સંસ્થાની દિકરીઓ દ્વારા મધુર ગીતો તેમજ ભૂદેવશ્રી હરિશભાઇ જોશી દ્વારા મંત્રોચ્ચાર તેમજ શાસ્ત્રોક્ત વૈદિકવિધિ અનુસાર દરેક દિકરીઓએ પોતના માતા-પિતાનું પૂજન કરેલું હતું. ઓર્ગન ઉપર ધર્મેશભાઇએ ભૂમિકા બજાવેલ હતી. માતા અને પિતા સાથેના સ્નેહભર્યા દિકરીના સ્નેહને સૃષ્ટિનું ઉછેર



કરનાર એવા ભૂદેવશ્રીએ લયબદ્ધ ગાન અને મંત્રોચ્ચાર દ્વારા અધ્યાત્મની પરમસીમાએ પહોંચેડેલ અને ભારતીય સંસ્કૃતિના ઉત્તમ ગુણોને ઉજાગર કરેલું હતું. આ લાગણીસભર વાતાવરણથી સૌ કોઈના નેત્રો અશ્રુભીના બનેલ હતા.



સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા ઉદ્‌બોધન તેમજ આશીર્વચન અપાયેલ હતા. અંતમાં સંસ્થાના આચાર્યાશ્રી દક્ષાબેન દ્વારા આભારવિધિ કરાઈ કાર્યક્રમ પૂર્ણ કરાયું હતું.

# અક્ષરમુક્ત ધનબાઇ ફઇ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વયં રામપરની પાવન ધરા ઉપર પધારી રામપરની ધરતીને પવિત્ર કરેલ તેમજ રામપરની પવિત્ર ધરા પર અનેક મુક્તોએ જન્મ ધારણ કરેલ. સ્વામી અક્ષરજીવનદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, જેવા અનેક મુક્તોએ જન્મ ધારણ કરેલ એવા જ મહામુક્ત જેમણે સત્સંગને ઉજળો કર્યો એવા ધનબાઈ ફઈ પણ રામપરમાં જન્મ ધારણ કર્યો. એમને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં ગામના હરિભક્તો સંતો સાથે વાત કરી અક્ષરમુક્ત ધનબાઈ ફઈ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શ્રીપુરુતોત્તમ લીલામૃત સાગર (કચ્છ લીલા) કથા તા.૧/૧/૨૦૨૫ થી ૫/૧/૨૦૨૫ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.

આ મહોત્સવ અગાઉ અનેક સેવાના કાર્યો કરવામાં આવ્યા. જેવા કે મેગા રક્તદાન કેમ્પ, ગાયોને ઘાસચારાનું નિરણ, અન્નદાન, વસ્ત્રદાન, નેત્ર રોગ નિદાન કેમ્પ, કેરાઈ પરિવાર દ્વારા ધનબાઈ ફઈની સ્મૃતિને યાદ અપાવતું સરસ મજાનું સ્મૃતિ સદન મંદિરને અર્પણ કરવામાં આવ્યું. ફઈબાની ફૂલવાડીમાં વૃક્ષારોપણ, અક્ષરમુક્ત સ્વામી અક્ષરજીવનદાસજી ક્રિકેટ ગ્રાઉન્ડ એવં ફઈબા ઉપવનનું લોકાર્પણ, સેવા સાધના સંસ્થાને ગાડી અર્પણ જેવા અનેક સેવાના કાર્યો કરવામાં આવ્યા.

તા.૨૯/૧૨/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી ૧૨૫ યજમાનશ્રીઓ દ્વારા ૩૧ કુંડી વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું. ત્યારબાદ તા.૧/૧/૨૦૨૫ થી તા.૫/૧/૨૦૨૫ દરમિયાન શ્રીપુરુષોત્તમ લીલામૃત સાગર (કચ્છ લીલા) કથાનું રસપાન કરાવવામાં આવ્યું. શાસ્ત્રી સ્વામી સુખનંદનદાસજી, શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી, શાસ્ત્રી સ્વામી પતિતપાવનદાસજી કથાના વકતા રહ્યા હતા. અને શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી સભાનું સંચાલન કર્યું હતું.

કથા દરમિયાન અનેક વિવિધ ઉત્સવો ઉજવવામાં આવ્યા હતા. સુરજબાએ ધનબાઈ

ફઈને આપેલ પાંચ કોરીનું પૂજન કરવામાં આવ્યું. ધનબાઈ ફઈ જે મૂર્તિનું ધ્યાન ધરીને ભજન કરતા અને તે મૂર્તિમાંથી ભગવાન બહાર આવી ધનબાઈ ફઈના ખોળામાં રમતા તે મૂર્તિનું સભામાં પૂજન કરવામાં આવ્યું તેમજ રોટલા ઉત્સવ, મેથીયા લાડુ ઉત્સવ એવા અનેક ઉત્સવો કથા પ્રસંગ દરમિયાન ઉજવવામાં આવ્યા હતા.

કથા પ્રસંગ દરમિયાન આચાર્ય મહારાજશ્રીનું પણ આગમન થયું હતું. ભવ્યાતિભવ્ય નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવતી મંડળની યુવતીઓ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. સાથે ભવ્ય રાત્રી કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ આખું ગામ સાથે મળીને ઉત્સાહભેર ઉજવ્યો હતો.

અ - હિરાણી અશ્વિન કલ્યાણ

## દયાપર મંદિરમાં સમૂહ મહાપૂજાનું આયોજન

દિનાંક ૧૨/૨/૨૫ ના રોજ માઘ સુદ પૂનમ અને માઘસ્નાની પૂર્ણાહુતિ હોવાથી દયાપર મંદિરમાં સમૂહ મહાપૂજા કરવામાં આવી હતી. પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી અને શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ મહાપૂજા કરાવી હતી. મોટી સંખ્યામાં હરિભક્તો સાભ લઈ ધન્ય થયા હતા. ત્યારબાદ સંતો હરિભક્તો નારાયણ સરોવરે સ્નાન કરવા પધાર્યા હતા અને માઘસ્નાનની સમાપ્તિ કરી હતી.



આશિષ - દયાપર



## વલસાડમાં ઉજવાયેલ દિવ્ય શાકોત્સવ

તા.૧૯/૧/૨૦૨૫ રવિવારના રોજ વલસાડ ખાતે અ.નિ.શામજીભાઈ લાલજીભાઈ સાંખલા, સુપુત્રો રામજીભાઈ, હંસરાજભાઈ, નરેન્દ્રભાઈ સાંખલા સપરિવારના યજમાનપદે શ્રીકચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ-વલસાડ દ્વારા આયોજીત દિવ્ય શાકોત્સવ એવમ્ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શાકોત્સવમાં ભુજ મંદિરથી મંડળધારી સદ્ગુરુ પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી



શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી શાંતિપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુરાણી સ્વામી સરજુદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી દેવનંદનદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, સ્વામી શ્રીરંગદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી વિગેરે સંતો પધાર્યા હતા.



આ દિવ્ય શાકોત્સવમાં સહભાગી થવા માટે સુરત, ચીખલી, વલસાડ, વાપી, દહાણું, બોઈસર તથા પાલઘર વિગેરે ગામોના સર્વે હરિભક્તોને કુટુંબ સહિત પધારવા આમંત્રણ આપ્યું હતું અને તેઓ ઉત્સાહભેર પધાર્યા હતા.

શાકોત્સવની શુભ શરૂઆત યજમાન પરિવાર તથા ગામોગામથી પધારેલ વડીલ હરિભક્તો અને સંતો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. ત્યારબાદ વક્તા શાસ્ત્રી સ્વામી દેવનંદનદાસજીનું પૂજન કરવામાં આવ્યું હતું. વક્તાશ્રીએ પોતાની આગવી અને સુમધુર શૈલીમાં લોયા ગામના ભક્તરાજ સુરાખાચરના દરબારના શાકોત્સવની દિવ્ય કથાનું રસપાન કરાવીને સર્વે હરિભક્તોને ભક્તિ સાથે જીવન જીવવાની પ્રેરણા આપી હતી.

યજમાન પરિવાર દ્વારા પધારેલ સંત મંડળનું પૂજન અર્ચન કરવામાં આવ્યું ત્યારબાદ યજમાન પરિવારને સંતો દ્વારા રૂડા આશીર્વાદ સાથે મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી. જેનાથી યજમાન પરિવા ધન્ય થયો હતો.



યજમાન પરિવારના સુપુત્ર પ્રશાંત પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી અને આરતી અને રાષ્ટ્રગાન સાથે ઉત્સવની પુર્ણાહૂતિ કરવામાં આવી હતી. ઉત્સવ પૂર્ણ થયા બાદ સૌ મહાપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

અ - જુગલ સાંખલા - વલસાડ

# માઘસ્નાન નિમિત્તે નારાયણ સરોવરમાં સ્નાન

દિનાંક ૯/૨/૨૫ નારોજ માઘસ્નાન નિમિત્તે એક દિવસની નારાયણ સરોવર સ્નાન સાથે અબડાસા વિસ્તારના ૭ મંદિરોના દર્શનનો કાર્યક્રમ ગોઠવાયો હતો. સવારે ૭ વાગ્યે ભુજ પ્રસાદી મંદિરેથી નિકળી માતાના મઢ દેવીનાં દર્શન કરી દોલતપર, નારાયણ સરોવર સ્નાન દર્શન, કોટેશ્વર મહાદેવના દર્શન કરી દયાપર બપોરના મહા પ્રસાદ લીધો હતો. આ યાત્રામાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી,શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી આદી સંતો જોડાયા હતા. ત્યારબાદ ગડાણી, રવાપર, નેત્રા આદિ મંદિરોના દર્શન કરી રાત્રે ભુજ પરત થયા હતા. દર્શન યાત્રાનું સંકલન પ. ભ. પ્રહ્લાદભાઈ ઠક્કર, ભાર્ગવ ગોર તથા હિતેનભાઈ જેઠીએ પ્રસાદી મંદિરના કોઠારી સ્વામી રામાનુજદાસજી સાથે રહી કરેલ હતું. આ યાત્રામાં જોડાયેલ બહેનો ભાઈઓ ખૂબજ રાજી થયા હતા.





ભાર્ગવ ગોર - ભુજ

## એકાદશીના દિવસે રવાપર ગામના મંદિરમાં ભગવાનની મહાપૂજા



દિનાંક ૨૪/૨/૨૫ ના રોજ એકાદશીના દિવસે રવાપર ગામના મંદિરમાં ભગવાનની મહાપૂજા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભકતોએ મહાપૂજાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. પુરાણી સ્વામી શ્રી પ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ મહાપૂજા કરાવી હતી. સંતો અમારા ગામમાં ૧૧ દિવસ રોકાઈ દિવ્ય કોથાવાર્તાનો લાભ આપી જીવનમાં કાંઈક કરવાની પ્રેરણા લીધી હતી.

સતીશભાઈ - રવાપર

## આમારા ગામમાં શાકોત્સવનું આયોજન

ગત તિથિ મહાવદ- ૫ સોમવાર દિનાંક ૧૭/૨/૨૫ ના રોજ આમારા ગામની ઉત્તર દિશાએ આવેલ પવિત્ર કેનર નદીના કિનારે કેનરવીર હનુમાનજી મહારાજના સાનીધ્યમા શાકોત્સવનું આયોજન કરેલ હતું. જેમાં ગામના દરેક જ્ઞાતિના ભાવિકો તથા બહાર વસતા ભાઈઓ અને વાડાસરથી માવજીભાઈ રાબડીયા જોડાયા હતા. આ પ્રસંગે ભુજથી પુરાણી સ્વામી બાલકૃષ્ણ દાસજી સ્વામીના મંડળના સંતો, સ.ગુ. સ્વામી પ્રભુવલ્લભદાસજી,રવાપરથી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી



વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિ સંતો પધાર્યા હતા. મથાલ ગુરુકુળથી પુરાણી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી શ્રીજીપ્રિયદાસજી, શાકોત્સવની કથા શાસ્ત્રી સ્વામી આનંદમુનિદદાસજીએ સંભળાવી હતી. સંચાલન શાસ્ત્રી સ્વામી દેવવિહારીદાસજીએ સંભાળ્યું હતું. શાકોત્સવના મુખ્ય યજમાન મૂળ આમારા





ગામના હાલ અંજાર રહેતા પ. ભ. કાનજીભાઈ માવજી નાકરાણી, ધ. પ. લીલાબેન રહ્યા હતા.

બધી વ્યવસ્થા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળના સભ્યોએ કરી હતી. આમારાના સમસ્ત સાં. યો. બહેનો ઉપસ્થિત રહી બહેનો ભક્તોને બળ આપ્યું હતું. હનુમાનજીની આરતી બાદ સૌ ભક્તો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

અહેવાલ-અરવિંદભાઈ (આમારા)

## થાણામાં ૧૪મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયસ સત્સંગ ભવન, થાણાનો ૧૪ મો વાર્ષિક પાટોત્સવભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન થાણામાં બિરાજમાન શ્રીઠાકોરજીનો ૧૪ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. તા.૭ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી પંચ-રાત્રીય જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૭ ના બપોર પછી ૫ વાગે મુખ્ય યજમાન અ.નિ. રતનશીભાઈ જેઠાભાઈ ખુથીયા પરિવારના ઘરેથી પાટોત્સવમાં નાની-મોટી સેવા કરનાર ભક્તો સાથે ૪૪ પોથીઓનું પૂજન કરી વાજતે ગાજતે પોથીયાત્રા થાણા મંદિરના સભાખંડમાં પહોંચી હતી.પાંચેય રાત્રી શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વકતા પદે સદ્. પ્રેમાનંદસ્વામીએ 'નિર્વિકલ્પઉત્તમઅતિ' માં ભગવાન સ્વામિનારાયણ પાસે માંગેલા સાત વરદાનોની વિવેચન સાથે સંગીતના સથવારે કથાનું રસપાન કરાવ્યું હતુ. સત્સંગીઓ આ પ્રાર્થના નિત્ય ગાતા હોય પરંતુ આ કથાના માધ્યમથી પદોનું વિવેચન સાંભળીને અતિ રાજી થયા હતા. સંગીતમાં ગવૈયા સ્વામી વ્રજવિહારીદાસજીએ સાથ આપ્યો હતો.અને પાંચેય રાત્રી શા. સ્વામી દેવચરણદાસજીએ ભક્તો સાથે સંવાદ કરીને ભગવાનની સાથે આપણું શરીર અત્યારના



સમયમાં કેમ નિરોગી રહે ? આપણું રસોડું જ આપણું ઔષધાલય છે, કેન્સર જેવા મહારોગોથી બચવા આજની ખાણી-પીણીમાં વધારે પડતા કેમિકલના વપરાશને કારણે સાચું અને સારું ખાતાં શીખીએ, આ સત્સંગમાં રહીને ભગવાનને ભજવા સાથેસાથે આપણું શરીર પણ આરોગ્યપ્રદ રહે તેવી અવનવી રસપ્રદ વાતોનો સંવાદ કર્યો હતો.કથાના બીજા દિવસે શ્રી ઘનશ્યામ જન્મોત્સવ દિવ્યતા અને ભવ્યતા સાથે ઉજવવામાં આવ્યો; ત્રીજા દિવસે ઠાકોરજીને રંગબેરંગી સુગંધીમાન પુષ્પના ઝુલે બેસાડી ફૂલડોલ ઉત્સવ ઉજવવામાં આવ્યો; ચોથા દિવસે શ્રીજીમહારાજે લોયામાં ઉજવેલ શાકોત્સવની ઝાંખી સમાન દિવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો; પાંચમાં દિવસે અવનવા પ્રાંતિય ભાતીગળ પહેરવેશમાં ભવ્ય રાસોત્સવની ભવ્યતા સાથે ઉજવળી કરવામાં આવી હતી. તા.૧૧



ફેબ્રુઆરી ના દિવસે સવારે ૮ વાગે મંદિરમાં શ્રીઠાકોરજી સન્મુખ શ્રી હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો અને શ્રીઠાકોરજી સન્મુખ અવનવી વાનગીઓનો અન્નકૂટ ધરીને ૯.૩૦ વાગે યજમાનો સાથે પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. અને કથાના પાંચેય દિવસે ભક્તોને ઠાકોરજીનો ભોજનરુપી મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો.ભુજ મંદિરનાં મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી આ થાણા મંદિરમાં સેવા કરતાં સંતોમાં થાણા સત્સંગ ભવનના સંચાલક સ. ગુ. પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી, કોઠારી શા. સ્વામી દેવનંદનદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી; તેમજ મંડળના સંતોમાં મંડળધારી સદ્. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્. શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી શ્યામચરણદાસજી; સાથો-સાથ સંપૂર્ણ ભારત સત્સંગ યાત્રા કરી રહેલા એવા શા. સ્વામી દેવચરણદાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, ગવૈયા સ્વામી વ્રજવિહારીદાસજી; તથા ભુજથી મંડળધારી સદ્. સ્વામી દેવકૃષ્ણદાસજી, શાસ્ત્રી સદ્. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્. સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, ડો. સ્વામી અક્ષરમુનિદાસજી, સ્વામી વિવેકમુનિદાસજી; તેમજ પાર્લા મંદિરના સંચાલક સદ્. સ્વામી અક્ષરવિહારીદાસજી, શા. સ્વામી માધવપ્રિયદાસજી, શા. સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી પ્રેમવિહારીદાસજી આદિ નાના-મોટા સર્વે ૩૭ જેટલા સંતોએ પાટોત્સવ કથા પ્રસંગે દર્શન તથા આશીર્વાદનો લાભ આપ્યો હતો.રાપરથી સાં.યો. રમીલાબાઈ આદિ બહેનો પધારી આ કથા પ્રસંગે દરરોજ બપોર પછી ૪ થી ૬ બહેનોને મહિલા સત્સંગ સભામાં કથા-વાર્તાનો નિત્ય લાભ આપતા.અંતે દિવ્યતા અને ભવ્યતા સાથે ઉજવાયેલ થાણા મંદિરના ૧૪ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પંચ-રાત્રીય જ્ઞાનસત્રનું સમગ્ર સભા સંચાલન થાણા મંદિરના કોઠારી શા. સ્વામી દેવનંદનદાસજીએ કર્યું હતું.

અહેવાલ નિતિનભાઈ દામજીભાઈ ખુથીયા

# સત્સંગ સમાચાર - વિદેશ

## ઓસ્ટ્રેલિયા-એડીલેડને આંગણે નૂતન મંદિર મહોત્સવ ઉજવવામાં આવ્યો



ઓસ્ટ્રેલિયા ખંડમાં આવેલું અમારું ગોકુળિયું ગામ એટલે એડીલેડને આંગણે ભુજ નિવાસી શ્રીનરનારાયણદેવ તથા મહંત સ્વામી આદિક વડીલ સંતોના શુભ આશીર્વાદથી નૂતન મંદિર મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી ભકતવત્સલદાસજી વકતાપદે રહી ભગવાન શ્રીહરિના ચરિત્રો સૌ હરિભક્તોને શ્રવણ કરાવેલ હતા. જેમાં સૌ હરિભક્તોને બહુ જ આનંદ આવેલો હતો. આ પ્રસંગમાં અમદાવાદ દેશ ગાદિપતિ શ્રી૧૦૦૮ કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી આદિક ભુજ મંદિરના વિદ્વાન સંતોની હાજરીમાં આ પ્રસંગ ઉજવાયેલો હતો. જેમાં ફૂલદોલ ઉત્સવ, જન્મોત્સવ, પટ્ટાભિષેક તથા ભુજ આગમન મહોત્સવ આદિ ઉત્સવોની પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ હતી.

તા.૧૪/૨/૨૦૨૫ ના રોજ નૂતન મંદિરમાં ભગવાનના ભગવદીય સ્વરૂપોની આચાર્ય મહારાજ તેમજ ભુજ મંદિરના મહંત સ્વામીના વરદ્ હસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી. તે દિવસે બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવેલો



હતો. ત્યારબાદ ભગવાનને ૫૬ ભોગ ધરાવવામાં આવેલો હતો.

તા.૧૫/૨/૨૦૨૫ ના રોજ સવારના ૯ વાગ્યે આચાર્ય મહારાજશ્રી તેમજ ઠાકોરજીની નગરયાત્રા કાઢવામાં આવેલ હતી. તેમાં એડીલેડ









ગામના નાના બાળકો, યુવાનો તેમજ વડીલો ઉત્સાહભેર જોડાયા હતા. તેમજ યશસ્વી યજમાનશ્રીઓના ખૂબ ઉદાર દિલથી આવેલ દાનોના શુભ આશયથી મંદિરના ચડાવવા કરવામાં આવેલા હતા. અને તે જ યજમાનોના વરદ્ હસ્તે મંદિરના તમામ દરવાજા ખુલ્લા મુકવામાં આવ્યા હતા. આ ઉત્સવમાં સિડની, પર્થ, મેલબોર્ન, એડીલેડ, યુ.કે., આફ્રિકા તથા ભારતના હરિભક્તો પણ જોડાયા હતા. એમને પણ ઉત્સવમાં ખૂબ જ સેવા કરી અને લાભ લીધેલો હતો. તેના થકી આ ઉત્સવ અદ્ભુત અને દિવ્ય રહ્યો હતો. બસ ભુજ નિવાસી શ્રીનરનારાયણદેવના ચરણોમાં અમારી કરબદ્ધ એ જ પ્રાર્થના છે કે અમારો નાનો સત્સંગ દિવસે દિવસે ખૂબ વૃદ્ધિ પામે અને અમારામાં સંપ વધતો રહે બીજું આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામીએ આશીર્વાદ આપતા કહ્યું કે એક દેવ, એક સંત અને એક સત્સંગ હશે તો આપણે કોઈ જુદા નહીં કરી શકે અને આજે કાંઈ નૂતન મંદિર તૈયાર થયું છે અને જે ભવ્યતા દેખાય છે તે પણ એક દેવ, એક સંત અને એક સત્સંગના પ્રતાપથી ફળિભૂત થયું છે. આવી રીતે અમારા એડીલેડ ગામનો ન ભૂતો ન ભવિષ્યતિ એવો અદ્ભુત નૂતન મંદિર મહોત્સવ ઉજવાયો.

અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ

અ - પ્રમુખશ્રી

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## માંડવીના વિદ્વાન ભક્ત ખૈયા ખત્રી

લેખક :- સાધુ સંતસ્વરૂપદાસ

બાલ મિત્રો ! જયશ્રી સ્વામિનારાયણ, કચ્છમાં વિચરણ કરતા ભગવાન શ્રીહરિ માંડવી પધાર્યા. સાથે દોઢસો જેટલા સંતો હતા. શ્રીહરિ માંડવી પધારે તે પહેલા અગાઉથી તૈયારી કરવા ભુજથી સુંદરજી સુથાર અને હીરજી સુથાર માંડવી આવ્યા હતા.

માંડવીમાં વેદાંતના વિદ્વાન્ ખૈયા ખત્રી રહે. એમને ઘણા બધા શિષ્યો હતા. લોકો એમને ભગવાન જેવા માનતા. અને એ કહે એમ કરે.

તેમને જાણ કરવાથી માંડવીમાં શ્રીહરિ અને સંતોનું સ્વાગત સારું થાય અને રહેવા-જમવાની પણ વ્યવસ્થા સારી થાય તે માટે તેઓ આવ્યા હતા.

સુંદરજીભાઈએ જ્યારે ખૈયાને શ્રીહરિના આગમનની વાત કરી ત્યારે ખૈયે કહ્યું : ‘જૂઓ કારભારી ! તમે તમારા સ્વામિનારાયણને ભગવાન માનતા હશો, પણ અહીં એમનું ભગવાનપણું ચાલવા નહીં દઈએ. ભલે તેઓ આવે. અમારી શક્તિ પ્રમાણે અમે તેમની અને સંઘની સેવા કરશું. પણ તે પહેલાં તેમણે અમને તેમનું ભગવાનપણું બતાવવું પડશે.’ સુંદરજી અને હીરજીએ તો બધુ સાંભળી લીધું.

સુંદરજીભાઈ કચ્છ રાજ્યના મોભેદાર વ્યકિત હતા. શ્રીહરિના અનન્ય સેવક હતા, શ્રીહરિનું

ભગવાનપણું પણ તેમના અંતરમાં હતું. પરંતુ તેઓ એ જાણતા હતા કે ખૈયો મહાવિદ્વાન અને અભિમાની છે. તેથી કાંઇ બોલ્યા નહિ. તેમણે ખૈયાને કહ્યું : 'એ તો વખત આવ્યે જોયું જશે. હાલ તો કાંઇક ગોઠવણ કરો.' પરંતુ ખૈયો ચાલાક હતો. તેણે કહ્યું : 'પહેલાં તમારા ભગવાનને કહો સભા કરે. હું ત્યાં આવું અને તેમને પ્રશ્નો પૂછું. તેમના ઉત્તરથી મને ખાતરી થાય પછી બધી જ ગોઠવણ થાય.' સુંદરજીભાઇ ગામમાં જઇ મહારાજ અને સંતો માટે ધર્મશાળામાં રહેવાની વ્યવસ્થા કરી દીધી.

શ્રીહરિ પધાર્યા ત્યારે સુંદરજીભાઇએ મહારાજને ખૈયાની વાત કરી. શ્રીહરિ તે વાત સાંભળીને હસ્યા. મહારાજે કહ્યું : 'ભલે સભા ગોઠવો અને ખૈયાને આમંત્રણ આપો.'

આટલું કહીને શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! લાડવા ખાવા છે કે ધુળ ફાકવી છે ?' બ્રહ્માનંદ સ્વામી કહ્યું : 'મહારાજ ! ધૂળ તો રોજ ફાકીએ છીએ. લાડવા ખવરાવો તો સારું.'
શ્રીહરિ કહ્યું : 'જો લાડવા ખાવા હોય, તો હું કહું તેમ કરવું પડશે.' બ્રહ્માનંદ સ્વામી કહ્યું : 'ભલે મહારાજ ! આપ કહેશો તેમ કરશું.'

શ્રીહરિએ સુંદરજીભાઇનો કહ્યું : 'સુંદરજીભાઇ ! ખૈયાને કહેજો આવતી કાલે સભા ગોઠવીએ છીએ. તમે સભાનું સ્થળ નક્કી કરો. આપણે ધામધૂમથી ગામમાં સવારી કાઢવી છે અને આખા શહેરને આ સભામાં ભેગું કરવું છે. ખૈયાના શિષ્યો પણ ભલે આવે.'

સુંદરજીભાઇ આ સાંભળી આનંદમાં આવી ગયા. મહારાજ જરૂર ખૈયાનો ગર્વ ઉતારશે.
બીજે દિવસે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે શણગારેલ ઘોડો તથા વાજિંત્રો વગેરે લાવીને તૈયાર રાખ્યાં. શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા. સ્વામીના કપાળમાં ચંદનની અર્ચા કરી. તેમના કંઠમાં ફૂલનો મોટો હાર પહેરાવ્યો. પછી ઘોડા ઉપર બેસવા કહ્યું. સ્વામી મૂંઝાયા, તેમણે કહ્યું : 'મહારાજ ! આ લાડવા તો ભારે પડે એમ છે, આના કરતાં તો ધૂળ ફાકવી સારી.'

શ્રીહરિએ કહ્યું : 'મૂઝાશો મા સ્વામી ! આજે એક દિવસ માટે ભગવાન બનવાનું છે, અને અમને તમારા સેવક બનવા દ્યો. આપણે ખૈયાને આજ શરણે લેવો છે. એમનું અભિમાન દૂર કરવું છે.'

બ્રહ્માનંદ સ્વામી આ સાંભળી સહેજ હસ્યા. મહારાજનું બધુ આ નાટક સમજમાં આવ્યું. તેઓ શણગારેલા ઘોડા ઉપર બેઠા. વાજતે-ગાજતે સવારી ગામમાં નીકળી. લોકો બ્રહ્માનંદ સ્વામીને ભગવાન માનવા લાગ્યા.

ગામમાં ફરીને સવારી સભા સ્થળે આવી. શહેરમાં સ્વામિનારાયણ પધાર્યા છે અને ખૈયા ખત્રી સાથે આજે સભામાં શાસ્ત્ર ચર્ચા થવાની છે. તે વાત ગામમાં ફેલાઇ ગઇ. લોકો તો સભામાં શું થશે તે જોવા ઊમટ્યા. હાલ જે ટોપણસર તળાવ છે તેના કિનારે વડના વૃક્ષ નીચે સભા ગોઠવાઇ.

રેતીનો મોટો ઢગલો કરી તે ઉપર આસન પાથર્યું. પછી શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! તમે આ ઊંચા આસન ઉપર બિરાજો. આજે તો તમારે પૂરો વેશ ભજવવાનો છે.' કંઇ બોલાય એમ હતું નહિ. ઊંચા આસને સ્વામી ચડી બેઠા. શ્રીહરિ તે જોઇ હસ્યા અને સંતોને કહ્યું : 'જુઓ, બ્રહ્માનંદ સ્વામી ભગવાનની ગાદી ઉપર કેવા શોભે છે. ? અમે બેસીએ તો સૂકલકડી શરીરથી તેમના જેવો ભાર ન પડે.' સંતો આ સાંભળી હસ્યા. ગામમાંથી માણસો આવવા માંડ્યા.

ખૈયો ખત્રી પણ તેના સાઠ શિષ્યોને લઇને સભામાં આવ્યો. તેની મા પણ સાથે હતી.

શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને અગાઉથી કહ્યું હતું કે જો, 'ખૈયો તમને પ્રશ્ન પૂછે, તો તમારે કહેવું કે તમારા પ્રશ્નોના ઉત્તર અમારા આ નાના સાધુ કરશે. તેનાથી ઉત્તર નહિ થાય, તો પછી અમે ઉત્તર કરીશું.' બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિની રમત સમજી ગયા.
એટલામાં ખૈયો સભામાં ઊભો થયો. બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : 'તમે સ્વામિનારાયણ છો ?'

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'હા, એટલે ખૈયે કહ્યું : 'હું વેદાંત ભણ્યો છું. મારે તમારે સાથે વેદાંત ઉપર કેટલાક પ્રશ્નો પૂછવા છે.' બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'ખુશીથી, તમારે જે પ્રશ્નો હોય તે આ અમારા નાના સાધુને પૂછો. તેમની સાથે વેદાંતની ચર્ચા કરો. એમનાંથી નહિ થાય, તો અમે પ્રશ્નોના ઉત્તર

આપીશું.'

ખૈયાએ શ્રીહરિ સામું જોયું. એટલે તેને મનમાં લાગ્યું કે આવા તેજસ્વી શિષ્યના ગુરુ પણ જરૂર તેજસ્વી હોવા જ જોઇએ. ખૈયે પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. જાણે બાણોની વર્ષા કરતો હોય તેમ એક પછી એક પ્રશ્ન પૂછવા લાગ્યો. શ્રીહરિ શાંતિથી તેના પ્રશ્નો સાંભળતા હતા. ખૈયા એકસો ને આઠ પ્રશ્નો પૂછ્યા.

શ્રીહરિએ ખૈયાના એક-એક પ્રશ્નોના ઉત્તર કરવા લાગ્યા. મહારાજની વાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે ખૈયો એક પ્રશ્નનો ઉત્તર સમજવા જાય ત્યાં તો બીજા ઉત્તર આવી જાય. ખૈયો મૂંઝાયો. તેથી તેણે કહ્યું : 'નિંગરા ! હળવો બોલ્ય, હળવો !'

શ્રીહરિ કહ્યું : 'મારા ગુરુની ફૂંક આકરી છે તેથી હળવું બોલાતું નથી.' શ્રીહરિની વેદાંતની વાણી ખૈયાના અંતરમાં સોંસરી ઊતરી ગઇ. શ્રીહરિની વાણીમાં તેને બ્રહ્મનો નાદ સંભળાયો.

ખૈયો મૂંઝાયો. આમાં કોણ સહજાનંદ સ્વામી ? તેણે તેના શિષ્યો સામું જોયું. બધા જ ખૈયાના જ્ઞાનના અનુભવી હતા. શ્રીહરિની વાણીથી સૌ પ્રભાવિત થઇ ગયા હતા. તેણે તેના શિષ્યોને પૂછ્યું : 'બેલી, હેડો સહજનંદ આય ?'

ત્યારે દૂર બેઠેલી તેની માએ કહ્યું : 'ખૈયા! હી નિંગરો સહજાનંદ આય ને ઉપર બેઠો હી નાય' ખૈયાની મા તરત ઓળખી ગઇ.

ખૈયાએ તેની શિષ્યોને કહ્યું : 'હીં નિગરો તો નંદજીનો પુત્ર કનૈયો આય અને પરબ્રહ્મ પણ હી આય. હીંજી ઉપર વડોવ્યો પરબ્રહ્મ નાય.' એટલું કહીને તેણે તેના શિષ્યોને કહ્યું : 'આટલા દિવસથી હું જેને ખોળતો હતો તે જ આ ભગવાન સ્વામિનારાયણ મને આજે મળી ગયા. તમારે તેને ઓળખવા હોય તો ઓળખી લેજો.' ખૈયાના જ્ઞાનમાં સાકારપણાની ઉપાસના સાથે ભક્તિ ભળી ગઇ. ખૈયાને આનંદનો પાર સમાતો ન હતો. શ્રીહરિના આ દિગ્વિજયની આખા કચ્છ અને વાગડ પ્રદેશમાં હાક વાગી ગઇ કે ખૈયો વેદાંતી સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકાર્યું.

## અક્ષરવાસ નોંધ

જૂની પેઢીના શિક્ષક ઓછવલાલ મહાશંકર વ્યાસ(વ્યાસ બાપા) વ્યવસાયે શિક્ષક હતા. તેમની પાસે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જીવન ઘડતરના પાઠ પણ શિખવતા તેથી તેમની પાસે અભ્યાસ કરેલ લોકો આજે પણ તેમને યાદ કરી રહ્યા છે. જે નિવૃત થઇને સંતોની આજ્ઞા સહ આશીર્વાદથી ઘણા વર્ષો સુધી આપણા ભુજ મંદિરના મુખપત્ર ''શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ'' માં સેવા કરતા અને શરીરે અશક્ત થવાથી મુંબઇ તેમના દીકરાઓ પાસે રહેતા પણ દિવાળી-અન્નકૂટ ઉત્સવ કરવા દર વર્ષે ભુજ મંદિરે શ્રીનરનારાયણદેવના દર્શને આવતા. તેઓ તા. ૨૩ જાન્યુઆરીના રોજ શ્રીજીમહારાજનું સ્મરણ કરતા ૧૦૧ વર્ષની વયે અક્ષરધામ સિધાવ્યા છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ તેમને પોતાના ચરણોની સેવાનું સુખ આપે એજ.



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

તીર્થધામ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે

**અ.નિ.વાત્સલ્યમૂર્તિ સદ્ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજીનો**

**પંચાહ્ન પારાયણ જ્ઞાન યજ્ઞ સ્મૃતિ મહોત્સવ**

તા.૨૩/૮/૨૦૨૫ થી તા.૨૭/૮/૨૦૨૫ દરમિયાન અનેકવિધ આયોજનો સાથે ભક્તિભાવ પૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવે.



| : પોથીયાત્રા : | : મહોત્સવ પ્રારંભ : | : મહોત્સવ પૂર્ણાહુતિ : |
|---|---|---|
| તા.૨૨/૮/૨૦૨૫ | તા.૨૩/૮/૨૦૨૫ | તા.૨૭/૮/૨૦૨૫ |
| શ્રાવણ વદ-૧૪ | શ્રાવણ વદ અમાસ | ભાદરવા સુદ-૪ |

આ સ્મૃતિ મહોત્સવમાં યજમાન પદની સેવા કરવા ઈચ્છતા હેતવાળા હરિભક્તોએ ભુજ મંદિરના કોઠાર (ઓફિસ)માં એ સેવાની નોંધ કરાવી લેશોજી.

આ મહોત્સવમાં રૂપિયા ૨૫૦૦૦-૦૦ પચીસ હજાર સેવા હશે એનું આમંત્રણ પત્રિકામાં નામ મુકવામાં આવશે.

એજ લી.કોઠારી સ્વામી

---

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવી આયોજીત

# મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવ-૨૦૨૫

તા. ૧૦ થી ૧૬ એપ્રિલ ૨૦૨૪ સુધી

સ્નેહભર્યું નિમંત્રણ

## મહોત્સવના અણમોલ પ્રકલ્પો

સ્નેહભર્યું નિમંત્રણ

| | | | |
|---|---|---|---|
| : વિજય ધ્વજ સ્થાપન : તા.૧૦/૩/૨૦૨૫ સોમવાર ફાગણ સુદ-૧૧ | : પોથીયાત્રા : તા.૯/૪/૨૦૨૫ બુધવાર ચૈત્ર સુદ-૧૨ | : મહોત્સવ પ્રારંભ : તા.૧૦/૪/૨૫ ગુરુવાર ચૈત્ર સુદ-૧૩ | : વિષ્ણુયાગ પ્રારંભ : તા.૧૧/૪/૨૫ શુક્રવાર ચૈત્ર સુદ-૧૪ |
| : મહારાજશ્રીનું આગમન : તા.૧૩/૪/૨૫ રવિવાર ચૈત્ર વદ-૧ | : મહારાજશ્રીનું આગમન : તા.૧૩/૪/૨૫ રવિવાર ચૈત્ર વદ-૧ | : સુવર્ણવાઘા-પાઘ અર્પણ : તા.૧૩/૪/૨૫ રવિવાર ચૈત્ર વદ-૧ (બીજા સત્રમાં) | : વિષ્ણુયાગ પૂર્ણાહુતિ : તા.૧૩/૪/૨૫ રવિવાર ચૈત્ર વદ-૧ બપોરે |
| : નગર યાત્રા : તા.૧૪/૪/૨૫ સોમવાર ચૈત્ર વદ-૧ | : અભિષેક-અન્નકૂટ : તા.૧૫/૪/૨૫ મંગળવાર ચૈત્ર વદ-૨ | : મહોત્સવ સમાપન : તા.૧૬/૪/૨૦૨૫ બુધવાર ચૈત્ર વદ-૩ | |

માંડવી મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને આ વર્ષે ૨૫ વર્ષ પૂર્ણ થાય છે. એના અનુસંધાને શ્રીઘનશ્યામ મહારાજને સુવર્ણના વાઘા જેવાં અનેકવિધ ધાર્મિક અને સામાજીક આયોજનો સાથે મંગલકારી શ્રીઘનશ્યામ રજત જયંતી મહોત્સવ ભક્તિભાવ પૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ રજત જયંતી મહોત્સવ અને સુવર્ણ વાઘામાં સેવા કરવા ઈચ્છતા હરિભક્તોએ માંડવી મંદિરના કોઠાર (ઓફિસ)માં આપની યથાશક્તિ સેવા માટે જરૂર સંપર્ક કરવો.

આ રજત જયંતી મહોત્સવમાં જેની રૂપિયા ૨૫૦૦૦-૦૦ પચીસ હજાર સુધીની સેવા હશે તથા સુવર્ણ વાઘા દાનમાં રૂપિયા ૭૫૦૦૦-૦૦ પંચોતેર હજાર સુધીની સેવા કે એટલી કિંમતનું સુવર્ણદાન હશે એ પરિવારનું આમંત્રણ પત્રિકામાં અવશ્ય નામ મુકવામાં આવશે.

આવો અમૂલ્ય લાભ લઈ શ્રીઘનશ્યામ મહારાજનો રાજીપો પ્રાપ્ત કરીએ એજ. મહંત સ્વામીશ્રી

કોઠારી સ્વામીશ્રી, સંપર્ક :- ૯૪૨૮૮૯૫૮૯૬

## નોંધ :- અંક ન મળવા બાબત

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને નમ્ર નિવેદન હાલમાં ઘણા ગ્રાહકોને હમણાં ઘણા સમયથી ટપાલ દ્વારા પોસ્ટમાં શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ મળતું નથી એવી ફરિયાદો આવે છે. સંદેશ કાર્યાલયમાંથી નિયમિત રીતે દર મહિને દેશ-વિદેશના લગભગ ૮૯૦૦ જેવા અંક પોસ્ટ દ્વારા નિયત કરેલ તારીખે રવાના કરવામાં આવે છે. છતાં ગ્રાહકોની ફરિયાદને ધ્યાને લઈને મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવેલ છે.

તેમ છતાં ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે તમો તમારા વિસ્તારને લગતી પોસ્ટ ઓફિસમાં તમો પણ લેખિતમાં ફરિયાદ કરીને પોસ્ટ ઓફિસના સિક્કાવાળી એક કોપી પરત લેવી જે તમારા પાસે રહે.

બીજું ઘણા ગ્રાહકોના અંક પરત આવે છે. તો જે જે ગ્રાહકોના એડ્રેસ ચેન્જ થયા હોય અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ શીફટ થયા હોય એવા ગ્રાહકો પોતાના પૂરા નામ સરનામા સાથે આ મોબાઈલ ૭૫૬૭૬૦૪૦૦૦ નંબર ઉપર પૂરી વિગત લખીને સુધારો કરાવવા વિનંતી.

અને ભારતભરમાં ક્યાંક રાજ્ય કે જિલ્લા અલગ થયા હોય તો જે તે જગ્યાના પિનકોડ નંબર ફેરફાર હોય તથા કચ્છમાં ક્યાંક નવાવાસ-જુનાવાસ અથવા ઉપલોવાસ-નીચલોવાસ જે ફેરફાર હોય તે ખરાઈ કરાવી સુધરાવી લેવા.

ઘણા ભક્તો આજીવન સભ્યની નોંધણી થયેલ વ્યક્તિ જે અક્ષરનિવાસી(ધામમાં ગયેલ) થયેલ હોય તો તેના નામ પોતાની નૈતિક ફરજ સમજીને કમી કરાવી પોતાના નામે આજીવન ગ્રાહક દેશમાં રૂપિયા ૫૦૧ ભરી રિન્યુ કરાવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧ - કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદિયા

૨૫૧ - નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ.(અમેરિકા)

૫૦૧ - પ્રવિણભાઈ કુંવરજી રતના રાબડીયા જન્મદિન ૮ ફેબ્રુઆરી નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સરલી

૨૫૦ - હિરાણી ઈશ્વર જેન્તીભાઈ જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ફોટડી

૨૫૦ - હિરાણી ભૂમિ જેન્તીલાલ જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ફોટડી

૫૦૦ - લાલજી મુરજી વાગડીયા નવી બાઈક લીધી તે નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - કેરા

૨૫૧ - રામજી વાલજી જેશાણી, ધ.પ.અ.નિ.માનબાઈ રામજી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૫૦૧ - પ્રેમજી મનજી વેકરીયા (પટેલ) ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧ માં જન્મદિન નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - હસ્તે શાંતાબેન વેકરીયા સપરિવાર, બળદિયા- હાલે-લંડન

૨૦૦- પ્રેમવતી વાસતુ, હસ્તે રાજેશભાઈ - મુંબઈ

श्री ગણેશાય નમઃ ॥ श्री સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ श्री નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫**

**કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫**

**કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે. ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ x ૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

**: કથા સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025











ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન થાણા મુંબઇનો
૧૪ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઇ ગયો.